Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: કાર્યવાહી :–

એકેડેમિક કાઉન્સિલની તાકીદની ઓનલાઈન સભા **સોમવાર, તા.૦૨/૧૧/૨૦૨૦** નાં રોજ **બપોરે ૧:૦૦ કલાકે** મળી હતી, જેમાં ઓનલાઈન ઉપસ્થિત સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. દેસાઈ હેમાલી અરૂણભાઈ **(ઈ.ચા.માનનીય કુલપતિશ્રી)** | હાજર |
| (૨) | ડૉ. ભાવિનકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૩) | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| (૪) | ડૉ.સંજય ગોકુલદાસ મણિયાર | ગેરહાજર |
| (૫) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૬) | ડૉ. અજય નટવરલાલ પટેલ | હાજર |
| (૭) | ડૉ. વિજયકુમાર જોષી | હાજર |
| (૮) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | ગેરહાજર |
| (૯) | ડૉ. સ્નેહલ કે. જોષી | હાજર |
| (૧૦) | ડૉ. દિલીપ એલ. વરસાણી | હાજર |
| (૧૧) | ડૉ. ટી. જી. ગોહિલ | હાજર |
| (૧૨) | ડૉ. કલ્પેશકુમાર કે. ટંડેલ | હાજર |
| (૧૩) | ડૉ. વિમલ એ. પંડયા | હાજર |
| (૧૪) | ડૉ. વિનોદરાય પટેલ | હાજર |
| (૧૫) | ડૉ. દિપકભાઈ ભોયે | ગેરહાજર |
| (૧૬) | ડૉ. કિશોરકુમાર એન. ચાવડા | હાજર |
| (૧૭) | ડૉ. અલ્પેશ એ. શાહ | ગેરહાજર |

(૧) પ્રવર્તમાન પરીક્ષાના નીયમોમાં જે તે સેમેસ્ટર પાસ કરવા તથા આખે આખો અભ્યાક્રમ (Whole Programme ) પૂણ કરવાની મહત્તમ મર્યાદાઓ નિદ્યારીત કરવામાં આવેલી છે. જે મુજબ શૈક્ષણીક વર્ષ ૨૦૧૭–૨૦૧૮ થી પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હોય તો કુલ પાંચ(૫) વર્ષમાં (N+2) આખેઆખો અભ્યાસક્રમ Whole Programme પૂર્ણ કરવાનો થાય છે. (પરીપત્ર ક્રમાંકઃ–પરીક્ષા /એ/૭૩૧૯/૨૦૧૭ તા.૧૭/૦૬/૨૦૧૭) તેમજ ૨૦૧૬–૨૦૧૭ તથા તે પહેલા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ જે તે સેમેસ્ટર પ્રથમ પ્રયત્ન સહિત કુલ ૬ પ્રયત્નોમાં પાસ કરવાનુ થાય છે, તથા ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હોય તો આખે આખો અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે ૭ શૈક્ષણીક વર્ષની મર્યાદા છે.(N+4) (Exam/A/7028/2013, Dated 08/08/2013 તથા Exam/A/2444/2015 Dated 27/02/2015) સદર જોગવાઈઓ અંગે પુનઃવિચારણા કરવા બાબત…

**<u>નીચેની બાબતો અવલોકને લેવા વિનંતી. :–</u>**

➢ આવા વિદ્યાર્થીઓ, આવા વિદ્યાર્થીઓના વાલીઓ તથા વિવિધ કોલેજોના અધ્યાપકો પાસેથી વારંવાર મળતી રજુઆતો મુજબ આવા વિદ્યાર્થીઓ કેટલીકવાર તમામે તમામ પેપરો પાસ હોવા છતા કોઈ એક સેમેસ્ટર અથવા માત્ર કોઈ એક સેમેસ્ટરનુ કોઈ એક પેપર સમય મર્યાદામાં પૂર્ણ ન કરી શકવાના કારણે અભ્યાસ છોડી દેતા હોય છે. આવા વિદ્યાર્થીઓ જુદી Pace થી ભણવાની ક્ષમતા ધરાવતા હોય છે. CBCS, Flexibility For Student, Choice to Complete a Course / Earn Credit at Different pace વગેરે સંકલ્પનાઓ ના પરીપેક્ષમાં ઉપરોકત બાબતે વિચારણા કરવી જરૂરી જણાય છે.

➢ એકેડેમીક કાઉન્સીલ તા.૨૨/૦૩/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક ૧૫ થી નીમાયેલ કમીટી સભા ૦૨/૦૭/૨૦૧૮ના રોજ કોમ્પ્યુટર સાયન્સ ડીપાર્ટમેન્ટ ખાતે મળી હતી. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહયાં હતા.

- (૧) ર્ડા.અપૂર્વ એ.દેસાઈ (કન્વીનર)
- (૨) શ્રી સ્નેહલ કે. જોષી
- (૩) ર્ડા.હેમાલીબેન દેસાઈ
- (૪) ર્ડા. વિનોદભાઈ પટેલ
- (૫) શ્રી ભાવિન આર. નાયક
- (૬) ર્ડા. સંજય જી મણીયાર
- (૭) ર્ડા. અલ્કેશ આઈ શાહ
- (૮) શ્રી અજય એન પટેલ

- પ્રવર્તમાન પરીક્ષાના નિયમોમાં જે તે સેમેસ્ટર તથા આખે આખો અભ્યાસક્રમ પૂર્ણ કરવાની મહત્તમ મર્યાદાઓ અંગેના નીચે મૂજબના પરીપત્રો અવલોકને લઈ તે પર વિચારણા કરવામાં આવી હતી.
- ક્રમાંક : પરીક્ષા/એ/૭૩૧૯/૨૦૧૭ સુરત.૧૭/૦૬/૨૦૧૩
- NO: Exam /A/7028/2013 Date 8/8/2013
- NO: Exam/A/2444/2015 Date 27/2/2015

**ઉપરની વિગતો પર વિગતવાર ચર્ચા વિચારણાને અંતે કમીટીએ એકેડેમીક કાઉન્સીલને નીચે મુજબ ભલામણ કરવા ઠરાવેલ હતુ.**

- જે વિદ્યાર્થીઓની જેતે સેમેસ્ટર પાસ કરવા અથવા આખેઆખો અભ્યાસક્રમ પૂર્ણ કરવાની સમય મર્યાદા પૂર્ણ થઈ જાય તે સંજોગોમાં જે તબકકે સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય તે તબકકે જેટલી ક્રેડીટ વિદ્યાર્થી મેળવી ચુકયો છે તે રદ થશે નહી તથા જેટલી ક્રેડીટ મેળવવાની બાકી હોય ( જેટલા વિષયો / પેપરો /પાંસીગ હેડ ) તેટલી ક્રેડીટ મેળવવા માટે વિદ્યાર્થીએ જે તે સેમેસ્ટરમાં માત્ર જે ક્રેડીટ મેળવવાની બાકી છે તેટલા વિષયો માટે પ્રવેશ મેળવી ફરીથી ઈન્ટર્નલ/પ્રેકટીકલ પરીક્ષા આપી યુનિવર્સિટી પરીક્ષા પાસ કરી ક્રેડીટ મેળવવાની રહશે.
- જે કીસ્સાઓમાં અભ્યાસક્રમ બદલાઈ ગયો હોય તેવા કીસ્સાઓમાં કીસ્સાજોગ ડીનશ્રીના અભિપ્રાય અનુસાર પરીક્ષા આપવાની / ક્રેડીટ મેળવવાની રહેશે.
- જે વિધાર્થીઓ એક વર્ષ (સેમેસ્ટર–૧ તથા સેમેસ્ટર–૨) પૂર્ણ કરી અભ્યાસ છોડી દેવા માંગતા હોય તેવા વિધાર્થીઓને પ્રથમ વર્ષ ની તમામ ક્રેડીટ મળી હોય તો સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ ની મેળવેલ ક્રેડીટના આધારે સર્ટીફીકેટ આપવું.
- જે વિધાર્થીઓ બે વર્ષ (સેમેસ્ટર–૧ થી ૪) પૂર્ણ કરી અભ્યાસ છોડી દેવા માંગતા હોય તેવા વિધાર્થીઓને દ્રિતિય વર્ષ સુધીની તમામ ક્રેડીટ મળી હોયતો સેમેસ્ટર–૧ થી સેમેસ્ટર–૪ માં મેળવેલ ક્રેડીટના આધારે ડીપ્લોમાનું (UG Diploma) સર્ટીફિકેટ આપવું.
- ઉપરોકત જોગવાઈઓનો અમલ કરવો જો કોઈ ઓર્ડીનન્સ સાથે વિસંગત હોય તો જે તે ઓર્ડીનન્સમાં ઉપરોકત જોગવાઈનો અમલ શકય બની શકે તે મુજબનો સુધારો કરવો. હાલનો ઓડીનન્સ કે જેમાં Time Span =N+2 નો ઉલ્લેખ છે તેમાં પણ જરૂરી સુધારા કરવા.
- સિન્ડિકેટ તા. ૭–૨–૨૦૧૭ના ઠરાવ ક્રમાંક ૧૨થી ઠરાવ્યા મુજબ જે અભ્યોક્રમોમાં MCI,CCH,INC, AICTE,NCTE,BCT વગેરે કાઉન્સિલ લાગુ પડતી હોય તેવા અભ્યાસક્રમોમાં U.G.C.ની ઉપરોકત ગાઈડલાઈનને બદલે જે તે કાઉન્સિલ દ્વારા નિર્ધારીત કર્યા મુજબનો SPAN PERIOD લાગુ પડશે તથા જો જેતે કાઉન્સિલમાં span period within which a student may be allowed to qualify for degree બાબતે કોઈ મર્યાદા નિર્ધારીત કરવામાં આવી ન હોય તો આવા અભ્યાસક્રમો કેટલા સમયમાં પૂર્ણ કરવા એ બાબતે હાલ કોઈ સમય મર્યાદા રહશે નહી.પરંતુ જો કોઈ કાઉન્સિલ ભવિષ્યમાં આ બાબતે નિર્ણય લેશે તો તેની જોગવાઈ મુખ્ય અમલ કરવાનો રહશે.

**એકેડેમીક કાઉન્સીલ તા.૨૭/૧૧/૨૦૧૮ના બાબત ક્રમાંક ૨૯ નો ઠરાવ નીચે મુજબ છે.**

આથી ઠરાવવામાં આવે છે કે, કોઈ પણ અભ્યાસક્રમમાં UGC Guidelines પ્રમાણે N+2 પ્રમાણે પુર્ણ કરવાનો રહે છે. તેની સામે CBSE પધ્ધતિથી વિધાર્થીએ જે Credit મેળવી લીધી હોય તેની સિવાયની જેટલી Credit મેળવી લીધી હોય તે વિષયની પરીક્ષા માટે કેટલા સમયમાં Credit મેળવવાની રહે તે બાબતની સ્પષ્ટતા UGC માગદશન મેળવવું.

- કાર્યાલય દ્વારા તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ EXAM/SCIENCE/870/2019 UGC ને પત્ર લખવામાં આવ્યો હતો નકલ સામેલ છે.

ઉપરોકત બાબતે પુનઃ વિચારણાઅર્થે.

**(પરીક્ષા વિભાગ/સાયન્સ ફેકલ્ટી)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તમામ વિદ્યાશાખાઓના તમામ અભ્યાસક્રમોમાં (એક્ષટર્નલ સિવાય) જયાં જયાં જે તે સેમેસ્ટર પૂર્ણ કરવાની મહત્તમ સમયમર્યાદા નકકી કરવામાં આવી છે. તથા જે વિદ્યાર્થીઓની જે તે સેમેસ્ટર આ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની મહત્તમ મર્યાદા પૂર્ણ થઈ ચૂકી છે તેવા તમામ અભ્યાસક્રમોના તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ ના પ્રથમ સત્રને અંતે લેવાનાર પરીક્ષા દરમ્યાન ખાસ કેસ તરીકે એક વધારાની અને અંતિમ તક આપવી તથા તેની જાણ સિન્ડિકેટને કરવી. (આખેઆખો કોર્ષ પ્રોગ્રામ પૂર્ણ કરવા માટે યુ.જી.સી. તથા યુનિવર્સિટીના નિયમાનુસાર નિર્ધારિત કરેલ સમયમર્યાદામાં કોઈપણ પ્રકારની છુટછાટ આપવી નહીં)**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા. ૨૨/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : ૧૫ થી નિમાયેલ નીચે મુજબની કમિટિની નીચે મુજબની ભલામણો સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

- (૧) ર્ડો.અપૂર્વ એ.દેસાઈ (કન્વીનર)
- (૨) શ્રી સ્નેહલ કે. જોષી
- (૩) ર્ડા.હેમાલીબેન દેસાઈ
- (૪) ર્ડા. વિનોદભાઈ પટેલ
- (૫) શ્રી ભાવિન આર. નાયક
- (૬) ર્ડા. સંજય જી મણીયાર
- (૭) ર્ડા. અલ્કેશ આઈ શાહ
- (૮) શ્રી અજય એન પટેલ

<u>ઉપરની વિગતો પર વિગતવાર ચર્ચા વિચારણાને અંતે કમીટીએ એકેડેમીક કાઉન્સીલને નીચે મુજબ ભલામણ કરવા ઠરાવેલ હતુ.</u>

- જે વિદ્યાર્થીઓની જેતે સેમેસ્ટર પાસ કરવા અથવા આખેઆખો અભ્યાસક્રમ પૂર્ણ કરવાની સમય મર્યાદા પૂર્ણ થઈ જાય તે સંજોગોમાં જે તબકકે સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય તે તબકકે જેટલી ક્રેડીટ વિદ્યાર્થી મેળવી ચુકયો છે તે રદ થશે નહી તથા જેટલી ક્રેડીટ મેળવવાની બાકી હોય ( જેટલા વિષયો / પેપરો /પાંસીગ હેડ ) તેટલી ક્રેડીટ મેળવવા માટે વિદ્યાર્થીએ જે તે સેમેસ્ટરમાં માત્ર જે ક્રેડીટ મેળવવાની બાકી છે તેટલા વિષયો માટે પ્રવેશ મેળવી ફરીથી ઈન્ર્ટનલ/પ્રેકટીકલ પરીક્ષા આપી યુનિવર્સિટી પરીક્ષા પાસ કરી ક્રેડીટ મેળવવાની રહશે.
- જે કીસ્સાઓમાં અભ્યાસક્રમ બદલાઈ ગયો હોય તેવા કીસ્સાઓમાં કીસ્સાજોગ ડીનશ્રીના અભિપ્રાય અનુસાર પરીક્ષા આપવાની / ક્રેડીટ મેળવવાની રહેશે.
- જે વિધાર્થીઓ એક વર્ષ (સેમેસ્ટર–૧ તથા સેમેસ્ટર–૨) પૂર્ણ કરી અભ્યાસ છોડી દેવા માંગતા હોય તેવા વિધાર્થીઓને પ્રથમ વર્ષ ની તમામ ક્રેડીટ મળી હોય તો સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૨ ની મેળવેલ ક્રેડીટના આધારે સર્ટીફીકેટ આપવું.
- જે વિધાર્થીઓ બે વર્ષ (સેમેસ્ટર–૧ થી ૪) પૂર્ણ કરી અભ્યાસ છોડી દેવા માંગતા હોય તેવા વિધાર્થીઓને દ્રિતિય વર્ષ સુધીની તમામ ક્રેડીટ મળી હોયતો સેમેસ્ટર–૧ થી સેમેસ્ટર–૪ માં મેળવેલ ક્રેડીટના આઘારે ડીપ્લોમાનું (UG Diploma) સર્ટીફિકેટ આપવું.
- ઉપરોકત જોગવાઈઓનો અમલ કરવો જો કોઈ ઓર્ડીનન્સ સાથે વિસંગત હોય તો જે તે ઓર્ડીનન્સમાં ઉપરોકત જોગવાઈનો અમલ શકય બની શકે તે મુજબનો સુધારો કરવો.
  હાલનો ઓડીનન્સ કે જેમાં Time Span =N+2 નો ઉલ્લેખ છે તેમાં પણ જરૂરી સુધારા કરવા.
- સિન્ડિકેટ તા. ૭–૨–૨૦૧૭ના ઠરાવ ક્રમાંક ૧૨થી ઠરાવ્યા મુજબ જે અભ્યોક્રમોમાં MCI,CCH,INC, AICTE,NCTE,BCT વગેરે કાઉન્સિલ લાગુ પડતી હોય તેવા અભ્યાસક્રમોમાં U.G.C.ની ઉપરોકત ગાઈડલાઈનને બદલે જે તે કાઉન્સિલ દ્રારા નિર્ધારીત કર્યા મુજબનો SPAN PERIOD લાગુ પડશે તથા જો જેતે કાઉન્સિલમાં span period within which a student may be allowed to qualify for degree બાબતે કોઈ મર્યાદા નિર્ધારીત કરવામાં આવી ન હોય તો આવા અભ્યાસક્રમો કેટલા સમયમાં પૂર્ણ કરવા એ બાબતે હાલ કોઈ સમય મર્યાદા રહશે નહી.પરંતુ જો કોઈ કાઉન્સિલ ભવિષ્યમાં આ બાબતે નિર્ણય લેશે તો તેની જોગવાઈ મુખ્ય અમલ કરવાનો રહેશે.

(૨) સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના મંત્રીશ્રીના તા.૨૬/૧૦/૨૦૨૦ ના પત્ર માં જણાવ્યા પ્રમાણે દિવાળી વેકેશનની તારીખમાં ફેરસુધારણા કરી **દિવાળી વેકેશન તા.૦૬/૧૧/૨૦૨૦ ને બદલે તા. ૦૯/૧૧/૨૦૨૦ થી શરૂ કરવા વિનંતી કરેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.**

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના મંત્રીશ્રીના તા.૨૬/૧૦/૨૦૨૦ નો પત્ર સ્વીકારી દિવાળી વેકેશન તા.૦૯/૧૧/૨૦૨૦ થી તા. ૨૧/૧૧/૨૦૨૦ રાખવું.**

(૩) બી.એસસી. અને બી.સી.એ. સેમેસ્ટર ૧ અને ૩ પરીણામ બાબત
ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે માર્ચ/એપ્રિલ–૨૦૨૦ દરમ્યાન લેવાનાર બી.એસસી.ની પરીક્ષામાં COVID-19 ની મહામારીને અનુલક્ષીને ત્રણ પેપર લેવાયેલ હતા. બાકીની પરીક્ષા લેવાની બાકી રહી ગયેલ હતી. જેમાં એકેડેમીક કાઉન્સીલના તા. ૨૮/૦૯/૨૦૨૦ના ઠરાવ મુજબ **"સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૧ અને ૩ના જે અભ્યાસ ક્રમોમાં કેટલાક પેપરો (વિષયો) ની પરીક્ષા લેવાઈ ગયેલી છે તેવા સંજોગોમાં આવા વિષયોનુ પરીણામ વાસ્તવિક માર્કસના આધારે ગણતરી કરીને તૈયાર કરવુ."** વધુમાં જણવવાનુ કે તા. ૦૯/૧૦/૨૦૨૦ ક્રમાંક/સાયન્સ/૧૨૪૩૭/૨૦૨૦ ના પરીપત્ર મુજબ જે વિદ્યાર્થીઓના આવેદનપત્ર ભરવાના રહી ગયેલ હોય એવા વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્ર તા.૧૪/૧૦/૨૦૨૦ સુધી ભરવાના રહશે. સદર આવા વિદ્યાર્થીઓના પરીણામ તૈયાર કરવાના હોય સદર વિદ્યાર્થીઓએ માર્ચ/એપ્રિલ–૨૦૨૦ દરમ્યાન લેવાયેલ પરીક્ષામાં એકપણ પેપરની પરીક્ષા આપેલ નથી. તો સદર આવા વિદ્યાર્થીઓના પરીણામ કેવીરીતે તૈયાર કરવુ?

બી.સી.એ. સેમેસ્ટર ૧ અને ૩ માર્ચ/એપ્રિલ–૨૦૨૦ના પરીણામો જાહેર થઈ ગયેલ હોય પરીણામ જાહેર થઈ ગયા બાદ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્ર ભરાયેલ છે.

ઉપરોકત સંજોગોમાં તા.૧૪/૧૦/૨૦૨૦ સુધી આવેલ પરીક્ષાના આવેદનપત્ર વાળા વિદ્યાર્થીઓના પરિણામ કેવી રીતે જાહેર કરવુ.?

ઉપરોકત બાબત પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા વિભાગ/સાયન્સ ફેકલ્ટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. અને બી.સી.એ. માં જે તે વિષયની પરીક્ષાઓ કોવિડ–૧૯ ને કારણે લોકડાઉન પહેલાં યોજાઈ ગયેલ હોય તેવા વિષયોમાં મેળવેલ ગુણને આધારે રીઝલ્ટ તૈયાર કરવામાં આવે તેમજ જે વિષયોની પરીક્ષાઓ લોકડાઉનને કારણે યોજી શકાય નથી તેવા વિષયોમાં મેરીટ બેઝ પ્રોગ્રેસન નો લાભ આપવામાં આવે. જે વિદ્યાર્થીઓ જે તે વિષયની લોકડાઉન પહેલા યોજાયેલ પરીક્ષાઓમાં હાજર રહયા નથી તેમને જે તે વિષયમાં ગેરહાજર દર્શાવી આવનાર નવેમ્બર/ડિસેમ્બર દરમ્યાન યોજાનાર પરીક્ષાઓમાં પ્રયત્ન આપવામાં આવે તેમજ આ પ્રયત્નને મહત્તમ મળવાયોગ્ય પ્રયત્નોમાં ગણવામાં આવે નહી.**

**(૪)** યુ.જી. સેમેસ્ટર ૫ અને ૬ અને પી.જી. સેમેસ્ટર ૧ થી ૪ની પરીક્ષાઓ તેમજ એક્ષર્ટનલ પરીક્ષાઓ અને અન્ય જે કોઈ પરીક્ષાઓ લેવાયેલ છે તે બાબતે.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે ઉપરોકત પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હતા તે દરમ્યાન જે વિદ્યાર્થી Covid Positive આવ્યા હતા તેમજ ઘણા વિદ્યાર્થીઓ કવોરન્ટાઈ થયા હતા એવા વિદ્યાર્થીઓએ અમુક પેપર જ આપેલા છે ત્યાર બાદ Covid Positive હોવાને કારણે પરીક્ષા આપી શકયા નથી. તેમના પરીણામ તેમજ પુરક પરીક્ષા જે અગામી સમયમાં યોજાનાર છે જેમાં નીચે મુજબ મુશ્કેલીઓ ઉભી થશે.

- જે વિદ્યાર્થીઓ Covid Positive હોવાને કારણે કવોરન્ટાઈ થયા હતા તેમના પરીણામ નપાસ તથા ગેરહાજરમાં જાહેર થયેલ છે. હવે આવા વિદ્યાર્થીઓએ પુરક પરીક્ષા માટે રજુઆત કરેલ હોય તો તેમના જાહેર થયેલ પરીણામ (માર્કશીટ) પરતલેવી કે પાર્ટ/એ.ટી.કે.ટી. પરીક્ષાની બીજી માર્કશીટ આપવી કે પછી તેમની પૂરક પરીક્ષા લેવાની ન થાય (બીજી માર્કશીટ આપવાની થાય તો અલગ બેઠક નંબર આપવાનો થાય.)
- સદર વિદ્યાર્થીઓને જુના બેઠક નંબર પરથી પરીક્ષા આપવા દેવી કે નવો બેઠક નંબર ફાળવવો.
- ઘણા વિદ્યાર્થીઓ મેડીકલ સર્ટી સાથે યુનિવર્સિટી ખાતે અરજી કરીને જણાવે છે કે તેઓ બીમાર હોય કે એમનુ એકસીડન્ટ થયેલ હોવાથી પરીક્ષા આપી શકેલ નથી. સદર આવા વિદ્યાર્થીઓની પરીક્ષા COVID -19ના વિદ્યાર્થીઓ સાથે લેવી કે નહી.
- અગામી યોજાનાર પરીક્ષાઓ તમામ કોલેજો પર લેવી કે અમુક સેન્ટરોપર લેવી?
- ઉપરોકત પરીક્ષા કયારે લેવી જેની તારીખો નકકી કરવી જેથી સમયસર ટાઈમટેબલ તૈયાર કરી શકાય તેમજ પરીક્ષાને લગતી કાર્યવાહી સમયસર કરી શકાય.
- બીજા અને ચોથા સેમેસ્ટરમાં જે વિદ્યાર્થીઓને (M.B.P.) પરીણામથી અસંતોષ હોય તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી કે કેમ.? સદર આવા વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૭૫ હશે. સદર આવા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી તો કયારે લેવી.?

<u>બીડાણ:–</u>

૧)તા.૧૭/૦૯/૨૦૨૦ના રોજનો ડીનનો પત્ર.,
૨) ઠરાવ ક્રમાંક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧/તા.૩/૬/૨૦ શીક્ષણ વિભાગનો પરીપત્ર
૩) ક્રમાંક/પરીક્ષા/સાયન્સ/૭૯૨૦/૨૦૨૦ તા.૧૧/૬/૨૦ કાર્યાલયનો પરીપત્ર
આ સાથે બીજા પરીપત્રો સામેલ છે.

ઉપરોકત બાબત પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા વિભાગ/સાયન્સ ફેકલ્ટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે,**

**(૧) જે વિદ્યાર્થીઓને મેરીટ બેઝ પ્રોગેશનનાં રીઝલ્ટ સાથે અસંતોષ છે તથા તેઓ ફરીથી પરીક્ષા આપવા માંગે છે, તેવા વિદ્યાર્થીઓએ મેરીટ બેઝ પ્રોગેસનની માર્કશીટ/રીઝલ્ટ સરન્ડર કરી માત્ર અમુક જ વિષય નહીં પરંતુ તમામ વિષયોની પરીક્ષા આપવાની રહેશે તથા પુરક પરીક્ષામાં મેળવેલ પરીણામ જ આખરી ગણાશે.**

**(૨) સદર વિદ્યાર્થીઓને જૂના બેઠક નંબર પરથી જ પરીક્ષા આપવી.**

**(૩) જે વિદ્યાર્થીઓ કોવિડ–૧૯ સિવાયના અન્ય કારણોથી ગેરહાજર રહયા હોય તેવા વિદ્યાર્થીઓ પણ આ પરીક્ષામાં ભાગ લઈ શકશે.**

**(૪) આગામી યોજાનાર પરીક્ષા માટે જીલ્લાદીઠ એક કેન્દ્ર રાખવું. તથા જે તે જીલ્લાની જે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય ત્યાં પરીક્ષા સેન્ટર ફાળવવું.**

**(૫) પરીક્ષાઓ ૨૫ નવેમ્બર થી ૩૦ નવેમ્બર દરમ્યાન શરૂ થાય તે મુજબનું ટાઈમટેબલ તૈયાર કરવું.**

**(૬) ૧ થી ૪ સેમેસ્ટરમાં જે વિદ્યાર્થીઓને (M.B.P.) મુજબ જાહેર કરવામાં આવેલ પરિણામથી અસંતોષ હોય તેવા તમામ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા યોજવાની રહેશે. આવા વિદ્યાર્થીઓએ પોતાનું M.B.P. મુજબનું પરીણામ / માર્કશીટ સરન્ડર કરી તમામ વિષયની પરીક્ષા આપવાની રહેશે તથા નવું પરીણામ આખરી ગણાશે.**

(૫) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન સુરત શહેરની બી.સી.એ. કોલેજોમાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચીત રહી જતા હોવાથી તેમાં સીટો વધારવા અંગે મળેલ વિવિધ રજુઆતો અંગે વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન સુરત શહેરની બી.સી.એ. કોલેજોમાં વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચીત રહી જતા હોવાથી તેમાં સીટો વધારવાની રજૂઆતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે અને તે માટે માનનીય ઈ.ચા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બી.સી.એ.ની પ્રવેશસમિતિની સભા બોલાવી આગળની કાર્યવાહી કરવી.**

<u>અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબત</u>

(૬) અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧ની પ્રવેશ કાર્યવાહીમાં હાયર પેમેન્ટના ફીની બેઠકો પર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રેગ્યુલર ફી ની બેઠકો ખાલી પડતા રેગ્યુલર ફી ની બેઠકો પર પ્રવેશ ફાળવવા અંગેની સેનેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડની વિનંતી પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧ની પ્રવેશ કાર્યવાહીમાં હાયર પેમેન્ટની ફીની બેઠકો પર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને જે તે કોલેજમાં જ રેગ્યુલર ફી ની બેઠકો ખાલી પડતા સેમેસ્ટર–૨ દરમ્યાન અનુસ્નાતક ભાગ–૧ માં મળેલ પ્રવેશના મેરીટ મુજબ જે તે કોલેજમાં જ રેગ્યુલર ફી ની બેઠકો પર કોલેજ દ્વારા પ્રવેશ તબદીલ કરી યુનિવર્સિટીને તેની જાણ કરવાની રહેશે.**

(૭) સેનેટ સભ્ય કનુભાઈ ભરવાડના તા.૧૨/૦૯/૨૦૨૦ ના રોજના પત્ર થી પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાં વિદ્યાર્થીએ આપેલા ખોટા દરેક જવાબો માટે ૦.૨૫ ગુણ કાપી ને પરિણામ જાહેર કરવામાં આવે છે,તે નેગેટીવ માર્કસ ન રાખવાની વિનંતી કરેલ છે. જે બાબતે અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૦/૧૦/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક (૬) અન્વયે નીચે મુજબ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવમાં આવે છે કે, પીએચ.ડી પ્રવેશ પરીક્ષામાં ઉમેદવાર દ્વારા આપેલ જવાબો પૈકી ખોટા જવાબોના નેગેટીવ માર્કસ રદ કરવા સાથે નીચે મુજબની ભલામણ એકેડેમિક કાઉન્સિલને કરવામાં આવે છે.**

(અ) **પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્ર અને આન્સર સીટ જે તે ઉમેદવારને આપવી.**

(બ) **પીએચ.ડી પ્રવેશ પરીક્ષામાં કવોલિફાઈડ થયેલ ઉમેદવારને ત્યાર પછીની બે પ્રવેશ પરીક્ષા સુધી ઉમેદવાર ઈચ્છે તો લાભ આપવો . ઉમેદવારે કવોલીફાઈ થયેલ પ્રવેશ પરીક્ષા સિવાયની પ્રવેશ કાર્યવાહી દરમ્યાન પ્રવેશ અરજીફોર્મ નિયત ફી જમા કરાવી પ્રવેશ પરીક્ષામાંથી નિયમાનુસાર મુકતી માટેનું બાંહેધરીપત્ર મેળવ્યેથી મુકતી આપવી.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૦/૧૦/૨૦૨૦ની સભાનો ઠરાવ ક્રમાંક (૬) સ્વીકારી તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.**

(૮) યુનિવર્સિટી ધારાની કલમ ૪૭–એ અન્વયે જુદી જુદી વિદ્યાશાખા હેઠળની(મેડીકલ અને એન્જિનીયરીંગ સિવાય) જુદી જુદી અભ્યાસસમિતિઓની પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ ડીસેમ્બર/જાન્યુઆરી/ફેબ્રુઆરી–૨૦૨૦–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જુદી જુદી અભ્યાસસમિતિઓની પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ ડીસેમ્બર/જાન્યુઆરી/ફેબ્રુઆરી–૨૦૨૦–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી સ્વીકારવામાં આવે છે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.વા./૧૦૧૪૬/૨૦૨૦**
**તા.૦૩/૧૧/૨૦૨૦**

**ઈ.ચા.કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**